Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# લોકડાઉન દરમિયાન કૌશલ્યોના વિકાસ અંગેનો અભ્યાસ

RESEARCHER
DR. ROHIT C. PATEL
(M.COM.,M.ED.,PH.D.)
Lecturer, District Institute Of Education And Training, Navsari

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સારાંશ/ Abstract

લોકડાઉનના સમય દરમિયાન કેવા પ્રકારના કૌશલ્યોનો વિકાસ થયો તે જાણવાના હેતુસર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ હતા. 1. લોકડાઉન દરમિયાન વિવિધ કૌશલ્યોની જાણકારી મેળવવા પ્રશ્નાવલિની રચના કરી.2. શિક્ષક તાલીમાર્થીઓના લોકડાઉન દરમિયાન કૌશલ્યો પ્રત્યેની સભાનતા જાણવી.3. સર્જનાત્મકતા, શૈક્ષણિક ક્ષેત્રે વિકસેલ કૌશલ્યોની જાણકારી કેળવવી.4. શિક્ષક-તાલીમાર્થીઓના કૌશલ્યો અંગે પ્રાપ્ત પ્રતિચારોનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો તારવવા. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવે હતું. વર્ષ 2020-21 દરમિયાન દક્ષિણ ગુજરાતની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષણ કામ કરતા શિક્ષકો અને બી.એડ કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું.નમૂનોઃ પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતમાં આપેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો અને બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાંથી 150 જેટલા શિક્ષકો અને બી.એડ કોલેજના તાલીમાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ હતો.પ્રસ્તુત સંશોધન માટે માહિતી એકત્રિત કરવા માટે સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન ટકાવારી અને ગુણાત્મક રીતે કરવામાં આવેલ હતું.શિક્ષક અને તાલીમાર્થીઓમાં વિશિષ્ટ કૌશલ્યો હતા.શિક્ષકો અને તાલીમાર્થીઓએ પોતાનામાં રહેલ કૌશલ્ય શોધવાનો પ્રયત્ન કર્યો હતો. લોકડાઉનના સમય દરમિયાન શિક્ષકો અને તાલીમાર્થીઓમાં લેખન, વાંચન, ચિત્રકામ, વ્યકિત વિકાસ, શારીરિક ક્ષમતા, રમત-ગમત, રસોઇકામ, , ICT નો ઉપયોગજેવા કૌશલ્યો વિકસ્યા હતા.

## 1. પ્રસ્તાવનાઃ

વર્તમાન સમયમાં વિશ્વહજી પણકોરોના મુકતનથી થઇ શકયુંસમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર વર્તાય રહ્યો છે. માર્ચ- એપ્રિલ મહિનામાં કોરોના અસરની શરૂઆત થઇ સમગ્ર વિશ્વમાં મોટાભાગના દેશોમાં લોકડાઉન રાખવામાં આવેલ હતું મોટા ભાગના લોકોએ 50 થી 60 દિવસથી વધુ સમય ઘરમાં જ રહેવું પડયુ હતું.

લોકડાઉનના સમયમાં ઘરમાં રહેવાને કારણે ઘણા લોકોને સમય પસાર કરવામાં મુશ્કેલીઓ પડી રહી હતી. તેવા સંજોગોમાં ઘરમાં રહીને ઘણા લોકોએ આત્મમંથન કરવાની કોશિશ કરી. પોતાની જાતને કોઇને કોઇ કાર્યમાં પરોવી રાખવાનો પ્રયત્ન કર્યો. દરેકે પોતાની જાતને ઓળખવાનો પ્રયત્ન આ સમય દરમિયાન કર્યો. ઘણા લોકોને પોતાનામાં કઇ વિશિષ્ટતા જડી હશે. કોઇને કોઇ કૌશલ્ય પોતાની અંદર જોવા મળ્યું હશે. તેમજ કૌશલ્યો વિકાસની પ્રવૃત્તિઓ પણ કરી હશે તો લોકડાઉનના

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સમય દરમિયાન કેવા પ્રકારના કૌશલ્યોનો વિકાસ થયો તે જાણવાના હેતુસર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 2. સમસ્યાકથન:

લોકડાઉન દરમિયાન કૌશલ્યોના વિકાસ અંગેનો અભ્યાસ

## 3. સંશોધનના હેતુઓ:

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

1. લોકડાઉન દરમિયાન વિવિધ કૌશલ્યોની જાણકારી મેળવવા પ્રશ્નાવલિની રચના કરી.
2. શિક્ષક તાલીમાર્થીઓના લોકડાઉન દરમિયાન કૌશલ્યો પ્રત્યેની સભાનતા જાણવી.
3. સર્જનાત્મકતા, શૈક્ષણિક ક્ષેત્રે વિકસેલ કૌશલ્યોની જાણકારી કેળવવી.
4. શિક્ષક-તાલીમાર્થીઓના કૌશલ્યો અંગે પ્રાપ્ત પ્રતિચારોનું પૃથકકરણ અને અર્થઘટન કરી તારણો તારવવા.

## 4.સંશોધનના પ્રશ્નો:

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.

1. લોકડાયન દરમિયાન શિક્ષકો અને તાલીમાર્થીઓમાં કેવા કેવા કૌશલ્યો વિકસ્યા હશે?

2. લોકડાઉન દરમિયાન શિક્ષકો અને તાલીમાર્થીઓની સર્જનાત્મકતા કેવી રહી હશે ?

3. લોકડાઉન  દરમિયાન વિકસેલ શૈક્ષણિક કૌશલ્યો કયા-કયા હશે ?

## 5. સંશોધનનુંમહત્ત્વ:

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ નીચે મુજબ છે.

1. પ્રસ્તુત સંશોધન દ્વારા શિક્ષકો અને તાલીમાર્થીઓના વિવિધ કૌશલ્યોની માહિતી પ્રાપ્ત કરી શકાય હતી.
2. શિક્ષકો અને તાલીમાર્થીઓમાં કયા-કયા કૌશલ્યો વિકસ્યા તે સંદર્ભે માહિતી પ્રાપ્ત કરી શકાય હતી.
3. વિવિધક્ષેત્રે વિકાસ પામી રહેલ કૌશલ્યોની જાણકારી મળી હતી.
4. શિક્ષકો અને તાલીમાર્થીઓમાં વિવિધ કૌશલ્યના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન અને તાલીમનું આયોજન કરવા પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ છે.

## 6. સંશોધનનું સીમાંકન:

1. પ્રસ્તુત સંશોધનમાં માત્ર શિક્ષકો અને બી.એડના તાલીમાર્થીઓનો જ નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ હતો.
2. પ્રસ્તુત સંશોધનમાં સ્વ-રચિત ઉપકરણનો ઉપયોગ કરવામાં આવેલ હતો.
3. પ્રસ્તુત સંશોધનમાં માત્ર દક્ષિણ ગુજરાતના શિક્ષકો અને તાલીમાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ હતો.

## 7. સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિ દ્વારા જરૂરી માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ હતી. પ્રાપ્ત કરેલ માહિતીનું વિશ્લેષણ કરી, પૃથક્કરણ કરી, અર્થઘટન કરીને તારણો તારવવામાં આવ્યા હતા.

આમ, પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણાત્મક પદ્ધતિએ હાથ ધરવામાં આવેલ હતું.

## 8. વ્યાપવિશ્વ અને નમૂનો:

પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતમાં આપેલ પ્રાથમિક- માધ્યમિક શાળાના શિક્ષકો અને બી.એડ કોલેજના તાલીમાર્થીઓ પૂરતુ સીમિત હતુ. આથી પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ આ મુજબ હતું. વર્ષ 2020-21 દરમિયાન દક્ષિણ ગુજરાતની પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષણ કામ કરતા શિક્ષકો અને બી.એડ કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું.

**નમૂનો:** પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતમાં આપેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો અને બી.એડ કોલેજના તાલીમાર્થીઓમાંથી 150 જેટલા શિક્ષકો અને બી.એડ કોલેજના તાલીમાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ હતો.

## 9. ઉપકરણ:

પ્રસ્તુત સંશોધન માટે માહિતી એકત્રિત કરવા માટે સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. જેમાંકુલ- 10 પ્રશ્નો હતા. જેમાંથી ત્રણ પ્રશ્નમાં વિકલ્પ પસંદ કરી જવાબ આપવાનો હતો. અને 7 પ્રશ્નમાં મુકત જવાબો આપવાના હતા.

## 10. **માહિતી એકત્રિકરણની રીત**:


પ્રસ્તુત સંશોધન માટે જરૂરી માહિતી એકત્રિત કરવા માટે રચેલ પ્રશ્નાવલિનું ગુગલ ફોર્મમાં નિર્માણ કરી નમૂનાના પાત્રો પાસેથી ઓનલાઇન માહિતી ગુગલ ફોર્મદ્વારા લેવામાં આવેલ હતી.

## 11. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન:

પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન ટકાવારી અને ગુણાત્મક રીતે કરવામા આવેલ હતું.


પ્રશ્ન-1 તમે માનો છો તમારામાં કોઇ વિશિષ્ટ કૌશલ્ય છે ?

ઉપરોક્ત પ્રશ્નમાં 150 માંથી 137 શિક્ષક-તાલીમાર્થીઓએ હા માં જવાબ આપ્યો હતો અને 13 શિક્ષક-તાલીમાર્થીઓએ ના મા જવાબ આપેલ હતો. એટલે કે 91.33% લોકોએ હા માં પ્રતિચારો આપ્યા હતા. આથી કહી શકાય કે શિક્ષક અને તાલીમાર્થીઓમાં વિશિષ્ટ કૌશલ્યો હતા.




પ્રશ્ન-2 લોકડાઉન દરમિયાન તમે તમારામાં કૌશલ્ય શોધવાનો પ્રયત્ન કર્યો હતો ?

ઉપરોક્ત પ્રશ્નમાં 150 માંથી 142 લોકોએ હા માં જવાબ આપ્યો હતો અને 8 શિક્ષક-તાલીમાર્થીઓએ ના મા જવાબ આપેલ હતો. એટલે કે 94.67 % લોકોએ હા માં પ્રતિચારો આપ્યા હતા. આથી કહી શકાય કે શિક્ષકો અને તાલીમાર્થીઓએ પોતાનામાં રહેલ કૌશલ્ય શોધવાનો પ્રયત્ન કર્યો હતો.



પ્રશ્ન-3 લોકડાઉનના સમય દરમિયાન તમને કયા-કયા કૌશલ્ય પોતાનામાં જોવા મળ્યા ?

ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં નીચે મુજબ સામાન્યતઃ ઉત્તરો પ્રાપ્ત થયેલા હતા.
લેખન, વાંચન, ચિત્રકામ, વ્યકિત વિકાસ, શારીરિક ક્ષમતા, રમત-ગમત, રસોઇકામ,વિચારો કેળવવા, સિલાઇ, સંગીત, કાવ્ય લેખન, પરીક્ષાની તૈયારી, વેસ્ટમાંથી બેસ્ટ, મટીરિયલ નિર્માણ,યોગ ધ્યાન, કોમ્પ્યુટર સ્કિલ.

પ્રશ્ન-4 લોકડાઉનના સમય દરમિયાન  કઇ-કઇ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી ?

વેસ્ટમાંથી બેસ્ટ, પેપર કટિંગ, બાગકામ, યોગ,શારીરિક ક્ષમતાઓનો વિકાસ,ઘરકામની ચીજવસ્તુઓનું સમારકામ, સંગીત,ખાવાની વસ્તુઓમાં વૈવિધ્યતા, સિલાઇકામ, માસ્ક બનાવ્યા,વોલહેંગિગ, કાગળની બનાવટો, હેન્ડિક્રાફટ તોરણ, કવિતાસર્જન, લેખ,ચિત્રો,પ્રશ્નબેંક બનાવવી, મહેંદી , ICT ના ઉપયોગથી શિક્ષણ, ભરતકામ.

પ્રશ્ન-5 કઇ-કઇ વસ્તુઓનું નિર્માણ કર્યું?

માટીકામ, ઘર રમકડાં, ગાર્ડન, ખેતરામાં ગોડ-વાઢનું કામ, બાગને સજાવ્યો,કેક,આઇસક્રીમ, ટોપી,ગાદલાં,સિલાઇકામથી કપડા, માસ્ક, કલોક ડિઝાઇન, પેપર ક્રાફટ, શો-પીસ, કપ-ઓફ-ફલાવર.

પ્રશ્ન-6  કયા-કયા ઘરકામ શીખ્યા?

રસોઇ,સફાઇ, જયુસ બનાવ્યુ, ચટણી,અથાંણા,વેફર, બ્રેડ બનાવી, બાગકામ,સુશોભન, આર્ટ-ક્રાફટ.

પ્રશ્ન-7 ઘરકામમાં કયા-કયા કૌશલ્યો વિકસ્યા ?

રસોઇ, સ્વચ્છતા, ગણન કૌશલ્ય,સ્વસ્થતા, બચતનો મૂલ્ય, અનુકૂલન, લાગણીને અંકુશમાં રાખવું, કરકસર.


પ્રશ્ન-8 લોકડાઉનમાં જોવા મળેલ કયા-કયા કૌશલ્યનો ભવિષ્યમાં વિકાસ કરશો ?

લેખન, વાંચન, રસોઇ,સ્વચ્છતા, કરકસર,ચિત્રકામ, ઓનલાઇન ટીચીંગ, તોરણ બનાવવુ, મટીરિયલ નિર્માણ,સંગીત.

પ્રશ્ન-9 કયા માઘ્યમોથી કૌશલ્યો વિકસ્યા ?

ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં ટીવીના માધ્યમથી-4(2.81%),ઇન્ટરનેટના માધ્યમથી-90(63.38%) , ન્યુઝ પેપર-3(2.11%), ઘરના સભ્યોની મદદથી-40(28.17% ) મિત્રોની

મદદથી-3(2.11%),શિક્ષકની મદદથી-2(1.42%), શિક્ષકો અને તાલીમાર્થીઓના પ્રતિચારો મળેલ હતા. આથી કહી શકાય કે શિક્ષકો અને તાલીમાર્થીઓએ સૌથી વધુ ઇન્ટરનેટના માધ્યમથી કૌશલ્યો વિકસ્યા હતા.




પ્રશ્ન-10 શૈક્ષણિક ક્ષેત્રે કયા-કયા કૌશલ્યો વિકસ્યા ?

લેખન, વાંચન, ગણન,મનન, ચિંતન, વિડીઓ બનાવ્યા, ICT નો ઉપયોગ, કાવ્યો બનાવ્યા, Digital test , વાર્તાકથન, પરીક્ષાને લગતી તૈયારી.

## 12. તારણોઃ

પ્રસ્તુત સંશોધના તારણો નીચે મુજબ મળેલ હતા.

1. શિક્ષક અને તાલીમાર્થીઓમાં વિશિષ્ટ કૌશલ્યો હતા.
2. શિક્ષકો અને તાલીમાર્થીઓએ પોતાનામાં રહેલ કૌશલ્ય શોધવાનો પ્રયત્ન કર્યો હતો.
3. લોકડાઉનના સમય દરમિયાન શિક્ષકો અને તાલીમાર્થીઓમાં લેખન, વાંચન, ચિત્રકામ, વ્યકિત વિકાસ, શારીરિક ક્ષમતા, રમત-ગમત, રસોઇકામ, , ICT નો ઉપયોગ, કાવ્યો બનાવ્યા, Digital test,વાર્તાકથન, પરીક્ષાને લગતી તૈયારી, ઓનલાઇન ટીચીંગ, તોરણ બનાવવુ, મટીરિયલ નિર્માણ,સંગીત, ગાદલાં,સિલાઇકામથી કપડા, માસ્ક, કલોક ડિઝાઇન, પેપર ક્રાફટ, શો-પીસ, કપ-ઓફ-ફલાવર જેવા અનેક કૌશલ્યોનો વિકાસ થયેલ હતો.
4. શિક્ષકો અને તાલીમાર્થીઓએ સૌથી વધુ ઇન્ટરનેટના માધ્યમથી કૌશલ્યો વિકસ્યા હતા.

**13. ફલિતાર્થો:**

પ્રસ્તુત સંશોધનના ફલિતાર્થો નીચે મુજબ છે.

1. લોકડાઉન જેવા ફ્રી સમયમાં શિક્ષકો અને તાલીમાર્થીઓ ધારે તો પોતાનામાં ઘણા કૌશલ્યોનો વિકાસ કરી શકે.
2. વેકેશન જેવા સમયમાં શિક્ષકો અને તાલીમાર્થીઓએ વિશિષ્ટ કૌશલ્યો ખીલવવા જોઇએ.
3. ઈન્ટરનેટના માધ્યમથી ઘણા બધા કૌશલ્યોનો વિકાસ કરી શકાય છે.
4. દરેક વ્યકિતમાં કોઇ ને કોઇ કૌશલ્ય હોય જ છે.
5. દરકે પોતાનામાં રહેલ કૌશલ્યને ઓળખીને વિકસાવવું જોઇએ.

**14. સમાપન:**

ઉપરોક્ત સંશોધનના પરથી જાણવા મળે છે કે સમયનો અવકાશ મળે ત્યારે દરેકે પોતાની અંદર રહેલા કૌશલ્યને ઓળખવા જોઇએ અને તેના વિકાસ માટે જુદા જુદા માધ્યમોની મદદ લઇ પોતાના કૌશલ્યને વિકસાવવા પ્રયત્નો કરવા જોઇએ.

## સંદર્ભસૂચિ


- દવે, જે.કે (2001). ***વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક.*** અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન
- દેસાઈ એચ.જી (1999). ***સંશોધન અહેવાલ.*** *રાજકોટ* : સૈરાષ્ટ્ર યુનિવર્સિટી.
- પટેલ જે.ડી (2004) ***વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષણ*** : નિરવ પ્રકાશન અમદાવાદ.
- શાસ્ત્રી જ્યોતિન્દ્ર દવે ***શિક્ષણની સમાજ શાસ્ત્રીય આધારશીલાઓ,***યુનિવર્સિટી ગ્રંટ નિર્માણ બોર્ડ
- **www.google.com**